# પત્ની પર જીવલેણ હુમલાના કેસમાં પતિને પાંચ વર્ષની કેદ

ગાંધીનગર તા ૩૧

પતિએ પત્નીને છરીના ઘા મારી જીવલેણ ઈજા કરી જાનથી મારી નાંખવાની કોશિશ કરવાના ગુન્હામાં ગાંધીનગર કોર્ટે આરોપીને પાંચ વર્ષની કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર આ કેસના આરોપી યોગેશભાઈ જીવણભાઈ પરમાર તેમની પત્ની સાથે અવારનવાર ઉગ્ર બોલાચાલી કરી તકરાર કરતા હતા જેના લીધે તેના પત્ની કલોલમાં તેમના સંબંધીને ત્યાં રોકાવા જતા રહ્યા હતા. આ દરમિયાન તેમના સબંધીની ગેરહાજરીમાં આરોપી યોગેશે તેની પત્નીને પેટના ભાગે છરાના ચાર પાંચ ઘા ઝીંકી દીધા હતા. જેના લીધે તેણીને ગંભીર ઈજાઓ થવા પામી હતી. તેણીને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. આ બનાવ સંદર્ભે પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ ગાંધીનગરની પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે જીગ્નેશ જોષીએ દલીલો કરી હતી. જે દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ કોર્ટે આરેપીને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૭ના ગુન્હા હેઠળ પાંચ વર્ષની સખત કેદની સજા તેમજ રૂ ૫૦ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. અને જો આરોપી દંડ ન ભરે તો વધુ એક માસની સાદી કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

# ઢબુડી માતાના સેવકે પત્રકારને ધમકી આપતા ફરીયાદ

ગાંધીનગર, તા.૩૧

રૂપાલના ધનજી ઓડ ઉર્ફે ઢબુડી મા સમાજમાં અંધશ્રધ્ધા ફેલાવતા હોવાના નામે છેલ્લા બે ચાર દિવસથી મોટો વિવાદ જન્મયો છે. બીજીતરફ ગાંધીનગર સેકટર-૧૧ સ્થિત અખબાર ભવનમાં કાર્યરત એક ન્યુજ એજન્સીના પત્રકારને ધનજી ઓડના ખાસ કહેવાતા સેવક અને સમર્થકે ખોટા સમાચાર ફેલાવવાનું બંધ કરો નહીં તો જોવા જેવી થશે તેવી ધમકી આપી હોવાની ફરીયાદ પણ પેથાપુર પોલીસ મથકે નોંધાઈ છે.

પેથાપુર પોલીસ મથક દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા દોલારાણા વાસણા ગામના કાર્તિકકુમાર અજીત રાય જાની (ઉં.વ.૩૧ નાગણેશ્વરી માતાજીના મંદિર પાસે) પોતાના પરિવાર સાથે રહે છે. સેકટર-૧૧ અખબાર ભવન ખાતે આવેલ ગુજરાતી ન્યુઝ પ્રા.લી.નામની ન્યુઝ એજન્સીમાં પત્રકાર તરીકે ફરજ બજાવે છે. કાર્તિક જાનીએ પેથાપુર પોલીસ મથકમાં નોંધાયેલી





ફરીયાદ મુજબ ગત તા.૨૫-૮-૧૯ના રોજ ન્યુઝ એજન્સી દ્વારા ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામે રહેતા ધનજી ઓડ જે પોતે ઢબુડી માતાજી હોવાની હકીકતનો નાગરીકોમાં ખોટો પ્રચાર કરી અંધશ્રધ્ધા ફેલાવે છે. જે અંગે ભીખાભાઈ માણીયા રહે. ગઢડા, જિ.બોટાદ, એ ઢબુડી માતાજી વિરુધ્ધ ગત તા.૨૭ના રોજ પેથાપુર પોલીસ મથકે અરજી કરી હતી. જેથી ન્યુઝ એજન્સી દ્વારા ઢબુડી માતાજી માહીતી એકઠી કરીને ન્યુઝ ચેનલોમાં તા.૨૫-૮-૧૯ થી સતત ચાલુ છે.જેને પગલે ન્યુઝ એજન્સીના ટીમના કર્મચારીઓ ધનજી ઓડના જયાં જયાં ગાદીનો કાર્યક્રમ કરેલ છે તે સ્થળો પર જઈને માહિતી મેળવીને ન્યુઝ એજન્સીની વેબસાઈટમાં તેમજ પ્રિન્ટમાં અન્ય અખબારોને માહિતી આપીને ધનજી ઓડનો પર્દાફાશ કરી રહ્યા છે. જેને અનુલક્ષી તા.૨૯ના રોજ બપોરના સુમારે ૩.૩૨ કલાકે પત્રકાર અને અન્ય વ્યકિત બાઈક પર પેથાપુર તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન ફોન આવ્યો હતો. જે ફોન રીસીવ કરતા સામે છેડેથી પ્રવિણ પરમાર સુરેન્દ્રનગરથી બોલું છુ અને ઢબુડી માતાજીનો ખાસ સેવક છું. અને તમો ઢબુડી માતાજીનું પુરાવા વગરનું ન્યુઝમાં ખોટી હકીકત ચલાવવાનું બંધ કરી દો નહીતર જોવા જેવું થશે અને આનું પરિણામ ચાર-પાંચ કલાકમાં તમોને મળી જશે. તેવી ફોન પર પત્રકાર જોડે વાત કરીને બિભત્સ વર્તન કરી ફોન ઉપર જાસા ધમકી આપી હતી. જેને પગલે કાર્તિકભાઈએ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.



## પેથાપુર પોલીસની ધનજી ઓડને નોટીસ

પેથાપુર પોલીસે છેલ્લા ઘણા સમયથી ચર્ચાસ્પદ અને વિવાદોમાં સપડાયેલા ધનજી ઓડ ઉર્ફે ઢબુડી માતાને પુછતાછ માટે નોટીસ પાઠવી છે. નોટીસ આપવા ચાંદખેડા પોલીસને ઘરે કોઈ ન મળતા દરવાજા આગળ નોટીસ ચોંટાડી છે. જેમાં નોટીસ મળે સત્વરે પુછપરછ માટે આવી જવા માટે સુચના આપવામાં આવી છે. બોટાદના ગઢડા સ્વામીના નાગજીપરા ખાતે રહેતા ભીખાભાઈ નારણભાઈ માણીયાએ પેથાપુર પોલીસ સ્ટેશનમાં અરજી કરી છે. તેમનો દાવો છે કે ઢબુડી માતાના કહેવાથી તેમણે પુત્રની કેન્સરની દવા બંધ કરી દીધી હતી, જેને પગલે તેમણે પુત્ર ગુમાવ્યો છે. જે અંગે પુછપરછ માટે હાજર રહેવા માટે ધનજી ઓડને નોટીસ આપી છે. પેથાપુર પોલીસે શનિવારે ઢબુડી માતાના ચાંદખેડામાં દિપકકુંજ બંગ્લોઝ મકાન નં.૧૯ અને ૨૦ ખાતે પહોંચી હતી. જયાં કોઈ ન મળતા પોલીસે ગેટ પાસે નોટીસ ચોંટાડી છે.

# આજથી તરણેતરનો મેળો યોજાશે

ગાંધીનગર, તા.૩૧

રાજ્ય સરકારના પશુપાલન ખાતા દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર ખાતેના લોકમેળામાં તા. ૧લી સપ્ટેમ્બરથી ૩જી સપ્ટેમ્બર ૨૦૧૯ દરમિયાન પશુ પ્રદર્શન હરિફાઈ-૨૦૧૯નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ પશુ પ્રદર્શન હરિફાઈ રાજ્યના પશુપાલકોને ગીર, કાંકરેજ ગાયવર્ગ અને જાફરાબાદી, બન્ની ભેંસવર્ગના શુદ્ધ ઓલાદના ઉચ્ચ ગુણવત્તા ધરાવતા પશુઓને મેળામાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

પશુ પ્રદર્શનમાં આવેલ પશુઓની ઓલાદ મુજબ ઉચ્ચ ગુણવત્તાની હરિફાઈ યોજી વિજેતા પશુઓને ઈનામો (પ્રથમ, દ્વિતીય, તૃતિય અને આશ્વાસન) આપવામાં આવશે. તેમજ દરેક વર્ગ પૈકી કોઈપણ એક વર્ગમાંથી એક શ્રેષ્ઠ ગુણવત્તા ધરાવતા પશુને 'ચેમ્પિયન ઓફ ધ શો' નું ઈનામ આપવામાં આવશે.

આ અંગે વધુ માહિતી માટે પશુપાલન નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અથવા વિભાગીય સંયુકત પશુપાલન નિયામકની કચેરી, રાજકોટ અથવા આપની નજીકની પશુ સારવાર સંસ્થાનો સંપર્ક કરવા પશુપાલન નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે.



## ચિલોડા ખાતે જોરદાર વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીની લહેર

ગાંધીનગર જિલ્લામાં ચિલોડા પંથકમાં અષાઢ-શ્રાવણ માસમાં વરસાદ ઓછો વરસતાં ખેડૂતોમાં ચિંતાનું મોજુ પ્રવર્તી રહ્યુ હતુ, જ્યારે શ્રાવણ માસના અંતિમ તબક્કામાં માત્ર ચિલોડા ગામે સવારે ૮ વાગ્યાના સુમારા અચાનક જોરદાર વરસાદની પધરામણી થતાં ચિલોડા સર્કલ અને ગામમાં વરસાદી પાણીના વહેણ વહેતા થતાં લોકોમાં ખુશીનો માહોલ સર્જાયો હતો. આમ દિવસ દરમ્યાન અસહ્ય ઉકળાટ બાદ આજે બે વરસાદી ઝાપટારૂપે વરસેલો મેઘરાજાથી પંથકમાં વરસાદી પાણીથી નાગરિકો ખુશખુશાલ બન્યા હતા. આ સમય દરમ્યાન માત્ર ચિલોડા દોઢ કિલોમીટરમાં વરસાદ વરસતાં આજુબાજુ ગામોમાં કોરાધાકોર જણાતાં લોકોમાં અચરજ પેદા થયુ હતુ. આ સિઝનમાં વરસાદની પધરામણી સારી રીતે થતાં આનંદનું મોજુ પ્રવર્તતા સંતોષ અને રાહતની લાગણી પેદા થઈ હતી. હજુ ગરમી અને ઉકળાટ જણાતાં પાછોતર વરસાદ થશે તેવા અનુમાનો ખેડૂત આલમમાં તર્કવિતર્કો થઈ રહ્યા છે. હાલમાં ખેતીમાં દિવેલા અને શાકભાજીનું વાવેતર વધશે તેવુ ખેડૂતો જણાવી રહ્યા છે.

## રાષ્ટ્રીય કુમ્હાર મહાસભાની બેઠક યોજાઈ

ગાંધીનગર નાગરીક પરિષદના હોલ ખાતે આજે રાષ્ટ્રીય કુમ્હાર મહાસભાની બેઠક યોજાઈ હતી. જેમાં ભારતભરમાંથી આગેવાનો એકઠા થયા હતા અને ચર્ચા વિચારણા કરી હતી. જેમાં પ્રજાપતિ સમાજની રાજકીય સ્થિતિમાં અવગણના તેમજ કચડાયેલા વર્ગને મદદરુપ બની આગળ લાવવો તે સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા થઈ હતી. આ પ્રસંગે મોટીસંખ્યામાં પ્રજાપતિ સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.



ગાંધીનગર પાસે આવેલા વાવોલ ગામ ખાતે સિદ્ધનાથ મહાદેવના મંદિરે શ્રાવણ મહિનાના છેલ્લા દિવસે અમાસના રોજ લઘુરૂદ્રનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

# સાબરમતી નદીનું પાણી દૂષિત ન થાય તે માટે તકેદારી રાખવાનું આયોજન

ગાંધીનગર, તા. ૩૧

પેથાપુર નગરપાલિકા વિસ્તાર, નાના ચિલોડા અને કોતરોનું દુષિત પાણી સાબરમતી નદીમાં ન જાય તે માટેની ખાસ તકેદારી રાખવા માટેનું ભારપૂર્વક આજરોજ કલેકટર શ્રી એસ.કે.લાંગાએ સંકલન અને ફરિયાદ સમિતીની બેઠકમાં જણાવ્યું હતું.

સંકલન અને ફરિયાદ સમિતીની બેઠકમાં કલેકટર શ્રી એસ.કે.લાંગાએ વધુમાં જણાવ્યું હતુ કે, સાબરમતી નદીમાં કોતરો અને અન્ય જગ્યાએથી દૂષિત પાણી જશે, તો નદી પ્રદૂષિત થશે. તેમજ અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે આ દૂષિત પાણી એકઠું થશે. આવું ન બને તેની ખાસ તકેદારી રાખવી જોઈએ. તેની સાથે ગણપતિ વિસર્જન સમયે કોઈ જાનહાનિ ન થાય તે માટે ભાટ સહિત જે નદીના વિસ્તારમાં ઉંડા ખાડા છે, ત્યાં કોઈ ગણેશ વિસર્જન કરવા ન જાય તેની ખાસ તકેદારી રાખવા માટે અને જરૂરી સૂચના આપતાં સાઈન બોર્ડ લગાવવા માટે પણ ભાર પૂર્વક જણાવ્યું હતું. તેમજ ચોમસાની સિઝનમાં સારો વરસાદ થયો છે, જેથી વનીકરણની બાકી રહેલી કામગીરી ઝડપભેર પૂર્ણ કરવા માટે પણ સંબંધિત અધિકારીઓને ભારપૂર્વક જણાવ્યું હતુ. તેની સાથે સાથે જળ શક્તિ અભિયાન અંતર્ગત વરસાદના વહી જતાં પાણીને ભૂગર્ભમાં ઉતારવા અને જળ સંગ્રહ કરવા અંગેની જાગૃતિ આપે તેવા કાર્યક્રમો વધુમાં વધુ કરવા સુચારું આયોજન કરવા પણ સંબંધિત અધિકારીઓને ખાસ સૂચના આપી હતી.

કલેકટર શ્રી એસ.કે.લાંગાએ દિશા ની બેઠકમાં ગાંધીનગરના સાસંદ શ્રી અમિતભાઈ શાહ દ્વારા કરવામાં આવેલા સૂચનો અમલ કરવા માટે પણ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે આપેલ સૂચનો અંગે જરૂરી અને નિશ્ચિત આયોજન કરવાની દિશામાં કામ આગળ વધવા માટે પણ જણાવ્યું હતું.

# શહેરોમાં અર્બન ફોરેસ્ટ ઉભુ કરી શહેરોને હરિયાળા કરાશે

## આવનાર સમયમાં મકાન અને ઉદ્યોગોમાં વપરાયેલા ૭૦ ટકા પાણીનો પુનઃ ઉપયોગ કરવાની તૈયારી છે : મુખ્યમંત્રી

અમદાવાદ,તા.૩૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતમાં વિકાસની ગતિશીલતા સાથે પર્યાવરણની ખેવના કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરતા સ્પષ્ટપણે કહ્યું કે રાજ્યના દરેક શહેરોમાં ''અર્બન ફોરેસ્ટ'' ઊભા કરી હરિયાળા નગરો-મહાનગરો બનાવવા છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે સિમેન્ટ-કોન્ક્રિટના જંગલો વચ્ચે વસતા શહેરોમાં આવા અર્બન ફોરેસ્ટ શુદ્ધ હવા અને પર્યાવરણ પ્રિયતામાં વૃદ્ધિ કરે તેવી આપણી નેમ છે. મુખ્યમંત્રીએ સુરત મહાનગરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૯૭૧ કરોડના કામો સહિત ૧૦૮૨ કરોડના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતાં. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, રાજ્યના પ્રત્યેક પરિવારના 'ઘરના ઘર'ના સ્વપ્રને સાકાર કરવાં પાકા મકાનની છત્રછાયા મળે તે માટે રાજય સરકાર સંકલ્પબદ્ધ છે, ત્યારે વિકાસની નવી વ્યાખ્યા આપનારા ગુજરાતે ઘરવિહોણા પરિવારો માટે મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાખો આવાસોની પારદર્શક ફાળવણી કરી છે.

તેમણે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૨૮૨.૨૨ કરોડના ખર્ચે નિર્મિત થનાર કેટેગરી ઈડબ્લ્યુએસ-૨ ના કુલ ૩૯૫૧ આવાસોની કોમ્પ્યુટરાઈઝડ ડ્રો દ્વારા ફાળવણી તથા ૧૭૫.૫૧ કરોડના ખર્ચે નવનિર્મિત આવાસોનું લોકાર્પણ, લાભાર્થીઓને ચાવી અર્પણવિધિ તેમજ ૫૧૩.૬૧ કરોડના ખર્ચે નિર્મિત થનાર આવાસોનું ખાતમુહૂર્ત અને ૧૧૦ કરોડના ખર્ચે વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત તકતીઓની અનાવરણ વિધિ કરી હતી. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશના પ્રત્યેક પરિવારને ઘરનું ઘર મળે તેવા પ્રધાનમંત્રીના સ્વપ્રને સાકાર કરવાના અભિયાનમાં સૂર પૂરાવતાં રાજ્ય સરકારે પાકા અને સુવિધાયુક્ત આવાસોનું નિર્માણ કરવાં જવાબદારીભર્યા પ્રયાસો કર્યા છે. ભૂતકાળની સરકારોમાં મહાનગરપાલિકાઓ માટે વિકાસકીય ગ્રાન્ટ પ્રાપ્ત કરવી દુષ્કર હતી, જ્યારે વિકાસને વરેલી વર્તમાન સરકારે શહેરી વહીવટીતંત્રને પ્રજાના સપના-આશા અને આકાંક્ષાઓને પૂરી કરી શકે તેવા વિકાસકાર્યો કરવાની, સ્વતંત્ર નિર્ણયો લેવાની છૂટ આપી છે. પરિણામે શહેરોમાં આવાસીય સુવિધાઓ સહિત રોડ, વિજળી, પાણી, ડ્રેનેજ, શિક્ષણની લોકભોગ્ય સુવિધાઓમાં અનેકગણો વધારો થયો હોવાનું મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું. વિજય રૂપાણીએ રાજયની નગરપાલિકાઓમાં વપરાયેલા ટ્રીટેડ વોટરનો પુનઃ ઉપયોગ થાય તેવું અસરકારક આયોજન આ વર્ષના અંત સુધીમાં પાર પડશે એમ જણાવતાં ગુજરાતને પાણીનો કરકસરપૂર્ણ ઉપયોગની હિમાયત કરી રાજ્યને પાણીદાર બનાવવાની નેમ પણ વ્યક્ત કરી હતી. રાજયની ૪૫ ટકા વસ્તી મહાનગરોમાં વસવાટ કરતી હોય ત્યારે અર્બન ડેવલપમેન્ટને ધ્યાને રાખી ગટર, રસ્તા, પાણી જેવી તમામ સુવિધાઓ તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

# નારદીપુર ખાતે ઈફકો દ્વારા ફળ અને શાકભાજી પરીક્ષણ અંગે પાંચ દિવસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

કેન્દ્ર સરકાર દ્વારા સોઈલ હેલ્થ કાર્ડ પ્રોજેક્ટ ગાંધીનગર જિલ્લામાં ઈફકોને સોંપેલ છે. આ અંતર્ગત પાંચ દિવસીય ફળ અને શાકભાજી પરીક્ષણ કાર્યક્રમનું આયોજન જિલ્લાના નારદીપુર ગામ ખાતે કરવામાં આવ્યું છે.

ઉપરોક્ત કાર્યક્રમમાં મુખ્ય અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી (વાઈસ ચેરમેન ઈફકો ન્યુ દિલ્હી)એ કૃષિલક્ષી બાબતોમાં મહિલાઓનું વિશેષ યોગદાન રહેલુ છે, મહિલાઓ ઘેર બેઠા મુલ્યવર્ધનથી નવી વસ્તુ ઉત્પાદન કરી શકે અને પુરક રોજગારી મેળવવા સક્ષમ બને તેવા હેતુસર આ કાર્યક્રમનો મુખ્ય હેતુ રહેલો છે.

મુખ્ય મહેમાન પદે એન.એસ. પટેલ (સ્ટેટ માર્કેટીંગ મેનેજર ઈફકો, ગુજરાત) દ્વારા જમીન આરોગ્ય પત્રક અને કિસાન ક્રેડીટ કાર્ડ વિશે માહિતી આપી હતી. રોજીંદા આહારમાં શુક્ષ્મ તત્વોની ઉપયોગિતા જણાવી હતી.

જમીન ચકાસણી આધારિત કપાસના નિદર્શન પ્લોટની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં દિલિપભાઈ સંઘાણી, એન.એસ. પટેલ સહિત સરપંચ રાજુભાઈ પટેલ. પ્રો. રાજેશકુમાર પટેલ, અમૃતભાઈ પટેલ, ચેરમેન, નારદીપુર સેવા સહકારી મંડળ અને બળદેવભાઈ સુથાર નિવૃત્ત અધિકારી બાગાયાત વગેરેએ હાજરી આપી હતી.



## ગાંધીનગર જિલ્લાના ૨૪૪ ગામોમાં સામૂહિક શૌચાલય બનાવવાનું આયોજન

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા સુખાકારી સમિતિની બેઠક તા. ૩૦મી ઓગષ્ટના રોજ જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના ૨૪૪ ગામોમાં સામૂહિક શૌચાલય બનાવવા માટેની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

આ બેઠકમાં સ્વચ્છતા દર્પણના ફેઈઝ-૩ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના ૩ હજારથી વધુ અને ઓછી વસ્તીવાળા ગામોમાં શૌચાલય બનાવવામાં આવનાર છે. જેમાં ગાંધીનગર તાલુકાના ૫૨, કલોલ તાલુકાના ૫૪, માણસા તાલુકાના ૫૨ અને દહેગામ તાલુકાના ૬૬ ગામો મળી કુલ-૨૪૪ ગામોમાં સામૂહિક શૌચાલય બનાવવામાં આવશે. આ સામૂહિક શૌચાલય રૂપિયા બે લાખની મર્યાદામાં બનાવવામાં આવશે. સામૂહિક શૌચાલયમાં ફિઝિકલ હેન્ડીકેફ માટે એક ટાઈલેટ અને વોશબેઈજીંગ રહેશે. તે ઉપરાંત એલ.ઓ.બી. (લેફટ આઉટ બેનીફીસરીઝ) અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૯,૩૮૧ શૌચાલયના લક્ષ્યાંક સામે ૪,૩૭૯ શૌચાલયના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. બાકીના શૌચાલયના કામો તા. ૨ ઓકટોબર સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જી.પી. બ્રહ્મભટ્ટ, જિલ્લા આરોગ્ય અધિકારી ડાં. એમ.એચ. સોલંકી સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# કોંગો ફીવરને લઈ સાવચેતીના તમામ પગલા : તંત્ર પૂર્ણ સજ્જ

રાજ્યમાં કોંગો ફિવર દિવસેને દિવસે વકરી રહ્યો છે, ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લામાં કોંગોએ હાહાકાર મચાવ્યો છે. ગુજરાતમાં કેટલાક વિસ્તારોમાં કોંગો ફીવરને લઈને વધારે દહેશત જોવા મળી રહી છે. કોંગો ફીવરના બે દર્દીઓના રિપોર્ટ હળવદમાં પોઝિટિવ આવ્યા છે જ્યારે અન્યના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. શંકાસ્પદ ૧૩ મરીજો છે. આરોગ્ય વિભાગ સંપૂર્ણ પણે સજ્જ છે. કોંગો ફીવરના બે પોઝિટિવ દર્દી મળ્યા બાદ તેમને અમદાવાદમાં ખસેડવામાં આવ્યા છે. ગઈકાલે હળવદ-માળિયા ચોકડી નજીક પ્લાસ્ટિકના કારખાનામાં કામ કરતા ૬૫ જેટલા મજૂરો બીમાર પડતા તમામને લેબોરેટરી ચેકઅપ માટે મોરબી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી ૧૧ મજૂરોને શંકાસ્પદ કોંગો જણાતા તેમના બ્લડ સેમ્પલ પૂનાની વાઈરોલોજી લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.

## ચિલોડા કલસ્ટરનું સીઆરસી કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શન મગોડી પ્રાથમિક શાળા ખાતે યોજાયુ

ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત મોન્ટોકાર્લો શિક્ષણ સંકુલ ખાતે ચિલોડા કલસ્ટરનું સીઆરસી કક્ષાનું ગણિત-વિજ્ઞાન-૨૦૧૯ પ્રદર્શન મગોડી પ્રાથમિક શાળા ખાતે યોજાયુ હતુ. આ પ્રદર્શનમાં ચિલોડા સીઆરસી પૈકીની ચિલોડા, મહુન્દ્રા, મગોડી-ઈસનપુર મોટા, શાહપુર, લવારપુર, રતનપુર એમ ૧૦ શાળાના ૪૦ બાળકોએ ૨૦ કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રદર્શનમાં જુદા જુદા ૫ વિભાગમાં વિવિધ પેટા વિષયોમાં કૃતિઓ બાળ વૈજ્ઞાનિકોએ રજૂ કરી હતી. આ પ્રદર્શનમાં બાળ વૈજ્ઞાનિકો અને માર્ગદર્શક શિક્ષકોને પ્રોત્સાહન આપવા માટે ગાંધીનગર તાલુકાના ટી.પી.ઈ.ઓ. જે.એમ. મોદી બી.આર.સી. કોઓર્ડિનેટર પંકજભાઈ પટેલ, બીટ કેળવણી નિરીક્ષક હર્ષદભાઈ પટેલ, કો.ઓર્ડિનેટર ઈલાબેન જી. પટેલ તથા વિવિધ શાળાના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહક ઈનામ વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં મગોડી શાળાના આચાર્ય જયેશભાઈ બાવા તથા સમગ્ર શાળા પરિવાર દ્વારા ભોજનની વ્યવસ્થા કરી બાળકોને ભોજન કરાવ્યુ હતુ. ગણિત-વિજ્ઞાન પ્રદર્શન નિહાળવા આજુબાજુ શાળાના બાળકો, એસ.એમ.સી. સભ્યો તથા ગ્રામજનો ઉપસ્થિત રહી પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ.

